PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

• રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૪/કવા-૦૪/૧૫-૧૬/ 3430 તા. 13/07/15

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હેમીબેન કરમશીભાઈ ઉસદડીયા,
ગામ: ઝાલણસર
તા.જી. જુનાગઢ
મો : ૯૯૨૫૮ ૪૩૪૫૭

વિષય :-નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:- આપની અરજી ૧૬-૦૩-૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૭૪/કવા-૦૪/૧૫-૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 02 )

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ,વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલેલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૭૪/ક્વા–૦૪/૧૫–૧૬ | કમિટિ મીટીંગ તા.૧૨–૦૪–૧૬ | સ્થળ :–જુનાગઢ

**પક્ષકાર નં.: –(૧) વાદી :**

**અરજદાર (ફરીયાદી) : નામ: હેમીબેન કરમશીભાઈ ઉસદડીયા, ગામ: ઝાલણસર**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી હેમીબેન કરમશીભાઈ ઉસદડીયા હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પ્રતિવાદી :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર : વી.એમ.દોમડીયા,કાર્યપાલક ઈજનેર શ્રી, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી ના ગામ: ઝાલણસર ખાતે ના સર્વે નંબર : ૧૫૯ મા, મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી હેઠળ ની ઉભી કરવાની વીજલાઈન, જે પીજીવીસીએલ તરફથી ખરેખર વાસ્તવિક રીતે સરળ અને અડચણરૂપ ન થાય તે મુજબ ની કાર્યવાહી થી, જોડાણ ના સ્થળ ની ૩૦૦ ફુટ ના અંતરે જ -- નજીક ના ૧૧ કેવી કેરાળી ખેતીવાડી ફીડર ના હૈયાત ઈન્ફ્રાસ્ટ્રકચર માથી – વીજલાઈન ઉભી કરવા બાબત તાંત્રીક રીતે યોગ્ય હોવા છતા, પીજીવીસીએલ તરફથી તેઓના સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની આ વીજલાઈન અને ટ્રાન્સફોર્મર, જે તેમના જોડાણ ના સ્થળ થી ૬૦૦ ફુટ દુર એવા હૈયાત ૧૧ કેવી નીલોફર ફીડર ના ઈન્ફ્રાસ્ટ્રકચર માથી, આડેધડ અને પ્રતિકુળ રીતે ઉભી કરેલ છે. આમ, પીજીવીસીએલ તરફથી આ ખર્ચાળ કાર્યપધ્ધતિવાળી વીજલાઈન ને ઉભી કરવા સામે વાંધો ઉઠાવી અને તેઓ શ્રી એ નાયબ ઈજનેર શ્રી સોની ને વારંવાર રજુઆતો કરવા છતા, સકારાત્મક રીતે ફરીયાદ સાંભળેલ નથી અને ઉદ્ધતાઈ પૂર્વક ના વર્તન સાથે નકારાત્મક વલણ થી તેમના સદર નવા જોડાણ ને, પ્રશ્ન નુ નિરાકરણ ન કરી ને, તેઓની જમીન ને અડચણ રૂપ થાય તે મુજબ ની વીજલાઈન અને ટ્રાન્સફોર્મર ના ૦૪ જેટલા થાંભલાઓ ઉભા કરેલ છે. આથી, તેઓએ લેખીત વાંધા અરજી આપી અને વીજલાઈન ના તાર બાંધવાની કામગીરી સામે, ન્યાયિક રીતે યોગ્ય થવા સદર અરજી ફોરમ સમક્ષ કરેલ છે. આમ, નાયબ ઈજનેર શ્રી સોની ના આવા તુમાખી ભર્યા વલણ થી તેઓ આજદિન સુધી જોડાણ થી વંચીત રહેલ છે. ઉભી કરાયેલ વીજલાઈન ની ખરેખર વાસ્તવિક પરીસ્થિતી તટસ્થ એવા ઉચ્ચ અધિકારી મારફત નિરીક્ષણ કરાવી, વ્યાજબી પણાની ખાત્રી મેળવી, તેઓની વર્ષો જુની સમસ્યા હલ કરી જોડાણ ચાલુ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨.૧** ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી મા દર્શાવેલ વિગતે ની, તેમના ગામ: ઝાલણસર ખાતે ના ફરીયાદી શ્રી ની માલીકી ના સર્વે નંબર : ૧૫૯ મા, મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ને, અગાઉ તા.૨૦–૦૫-૨૦૧૫ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી એવા શ્રી અશોકભાઈ મોહનભાઈ હીરપરા ની હાજરી મા, કરાયેલ સર્વે નકશા મુજબ ની નવી ૨૩૦ મીટર ની એચ.ટી.લાઈન, જે ૦૪ થાંભલાઓ સાથે ઉભી કરવાની દરખાસ્ત, જે અરજદાર ના પ્રતિનીધી ની સહી સાથે ના સંમતી મુજબ ના સર્વે રીપોર્ટ ના આધારે, પીજીવીસીએલ તરફથી, અરજદાર ના જોડાણ ની આ દરખાસ્ત ને તાંત્રીક મંજુરી મળતા અને અરજદાર ને અપાયેલ મંજુરી ના ભાવપત્રક ની રકમ, તા.૦૩–૧૧–૧૫ ના રોજ ભરપાઈ થતા, અને અરજદારે પીજીવીસીએલ સાથે કરારનામુ કરી આપતા, પીજીવીસીએલ તરફથી, સદર મંજુરી અન્વયે ની નવી, ૨૩૦ મીટર ની ૦૪ થાંભલા વાળી વીજલાઈન, તેમજ ટ્રાન્સફોર્મર વગેરે, મુળ નકશા મુજબ જ – થાંભલાઓ ઉભા કરવાની કામગીરી પુર્ણ કરેલ હતી. જયારે, વીજતાર લગાડવાની કામગીરી સમયે, અરજદાર શ્રી ના પ્રતિનીધી એ, સ્થળ પર હાજર રહી અને વીજલાઈન ઉભી કરવાની કામગીરી સામે વાંધો ઉઠાવી અને બાકી ની કામગીરી અટકાવી દીધેલ હતી. ફરીયાદી અરજદાર શ્રી ની મુખ્ય માંગણી એવી છે કે, સદર મંજુર એવી, હૈયાત ૧૧ કેવી નિલોફર ખેતીવાડી ફીડર તરફથી આવતી નવી વીજલાઈન ના તમામ થાંભલાઓ, જે તેમની ખેતીવાડી વીજજોડાણ ની જમીન પર જ ઉભા થતા હોય, તેઓની જમીન ને નુકશાન થતુ હોય, આ મુજબ ની લાઈન ઉભી કરવાને બદલે, જોડાણ ના સ્થળ ની નજીક એવા હૈયાત ૧૧ કેવી કેરાળી ફીડર ના ઈન્ફ્રાસ્ટ્રકચર માથી, જોડાણ ના સ્થળ થી માત્ર ૩૦૦ ફુટ અંતર મુજબ ની આ લાઈન, – રૂટ બદલાવી ને – આ વૈકલ્પીક જગ્યા વાળી વીજલાઈન ના થાંભલાઓ, જે ખરેખર તેમની જમીન ના શેઢા પર ઉભા કરી અને તે મુજબ, વૈકલ્પીક વીજલાઈન ઉભી કરી (રૂટ બદલાવી) અને તે મુજબ તેમનુ જોડાણ ચાલુ કરવા બાબતે ની ફરીયાદી અરજદાર ની, અગાઉ પીજીવીસીએલ સમક્ષ અને હાલ ફોરમ સમક્ષ મુખ્ય રજુઆત અને ફરીયાદ છે.

૨.૨ અરજદાર ના મંજુર જોડાણ અન્વયે ની, જે વીજલાઈન – જે, તેમના જોડાણ ના સ્થળ નજીક એવા હૈયાત ૧૧ કેવી નિલોફરખેતીવાડી ફીર ના ઇન્ફ્રાસ્ટ્રકચર માથી, જે વીજલાઈન અને ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની કામગીરી અન્વયે ના હાલ ના તબ્બકે ના જે ૦૪ થાંભાલાઓ ઉભા થયેલ છે, તે વીજલાઈન – તાંત્રીક રીતે ખરેખર યોગ્ય, સ્ટ્રેઈટ વે મુજબ ની, અને ભવિષ્ય મા કોઈને નડતરરૂપ ન થાય તે મુજબ ની, અને ખાસ કરીને સર્વે સમયે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા સંમતીદર્શક પત્ર મા લેવાયેલ સહી મુજબ ની છે અને દરેક દ્રષ્ટીએ અનુકળ અને યોગ્ય છે.

૨.૩ ફરીયાદી અરજદાર શ્રી ને સદર મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ની અગાઉ ની તાંત્રીક મંજુરી હેઠળ ની અને દરેક દ્રષ્ટીએ યોગ્ય હોય તેવી ઉભી કરવામા આવેલ વીજલાઈન ના કુલ ૦૪ થાંભલાઓ, જે તેમની જમીન પર ઉભા થયેલ હોય અને નડતરરૂપ હોય, આ થાંભલાઓ અને વીજલાઈન રદબાતલ કરી , અને નવેસર થી, વિરૂધ્ધ દિશા પર આવેલ હૈયાત ૧૧ કેવી ખેતીવાડી ફીડર ના ઈન્ફ્રાસ્ટ્રકચર માથી, નવી વીજલાઈન, જે તેમની જમીન ના શેઢા પર ઉભી કરી, એ મુજબ આ વીજલાઈન રદનો રૂટ બદલી, અને તેમને જોડાણ આપવાની મુખ્ય માંગણી છે. પરંતુ, અરજદાર શ્રી ની માંગણી મુજબ ની, રૂટ બદલી વાળી આ વીજલાઈન, જે ગાડા માર્ગ, હૈયાત પાણીનો બોર, તેમજ હૈયાત એવી મીટર ની ઓરડી ઉપરથી પસાર થતી હોય, આ બાબત સલામતી ની દ્રષ્ટીએ યોગ્ય ન હોય, અરજદાર શ્રી ની માંગણી મુજબ ની સદર વીજલાઈન ઉભી કરવા ની બાબત પીજીવીસીએલ ને તાંત્રીક તેમજ અન્ય બાબતે પણ યોગ્ય જણાયેલ નથી.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

૩.૧ ફરીયાદી અરજદાર શ્રી ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, જે વીજલાઈન ઉભી થયેલ છે, તે વીજલાઈન,પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, અગાઉ સ્થળ સર્વેક્ષણ સમયે અરજદાર ના પ્રતિનિધી ના સંમતીદર્શક પત્ર મા લેવાયેલ સહી મુજબ ની, તેમજ મંજુરી અન્વયે ની, સ્ટ્રેઈટ વે પરીસ્થિતી મુજબ ની જ છે. આમ , આ વીજલાઈન તાંત્રીક તેમજ દરેક દ્રષ્ટીએ યોગ્ય અને અનુકુળ છે.

૩.૨ જયારે, અરજદાર શ્રીની મુખ્ય માંગણી મુજબ ની, સદર ઉભી કરાયેલ વીજલાઈન અન્વયે ના, હાલ ના તબ્બકે ના ઉભા થયેલ કુલ ૦૪ થાંભલાઓ વાળી વીજલાઈન, જે ફરીયાદી અરજદારે વૈકલ્પીક સુચન મુજબ, રૂટ બદલી અન્વયે ના જ માંગણી કરેલ છે, તે રૂટ બદલી અન્વયે ની, અરજદાર ની માંગણી મુજબ ની વીજલાઈન, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે ની, સદર વૈકલ્પીક માંગણી મુજબ ની વીજલાઈન, જે ગાડા માર્ગ, હૈયાત પાણીનો બોર, તેમજ હૈયાત એવી મીટર ની ઓરડી ઉપરથી પસાર થતી હોય, આ બાબત સલામતી ની દ્રષ્ટીએ યોગ્ય ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ની માંગણી મુજબ ની સદર વીજલાઈન ઉભી કરવા ની બાબત પીજીવીસીએલ ને તાંત્રીક તેમજ અન્ય બાબતે પણ યોગ્ય જણાયેલ નથી. ફોરમ કમિટી, પીજીવીસીએલ પક્ષકાર ની આ બાબત, મંતવ્ય અને અભિપ્રાય ને માન્ય રાખી, અને તે મુજબ, અરજદાર ના નવા જોડાણ માટે, હાલ ના તબ્બકે, અગાઉ ની મંજુરી મુજબ ની મુળ વીજલાઈન, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ઉભી કરવાની કાર્યવાહી, જે હાથ ધરાયેલ છે, તે કાર્યવાહી વાળી મુળ લાઈન ને યોગ્ય ઠરવે છે.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

૪.૧ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદારે તેમના નવા ખેતીવાડી વીજજોડાણ માટે, ઉભી થનાર વીજલાઈન માટે, જે વૈકલ્પીક રૂટ ની માંગણી કરેલ છે, તે વૈકલ્પીક રૂટ વાળી વીજલાઈન, જે ગાડા માર્ગ, હૈયાત પાણીનો બોર, તેમજ હૈયાત એવી મીટર ની ઓરડી ઉપરથી પસાર થતી હોય, આ બાબત સલામતી ની દ્રષ્ટીએ યોગ્ય ન હોય, અરજદાર શ્રી ની માંગણી મુજબ ની સદર વીજલાઈન ઉભી કરવા ની બાબત ફોરમ કમિટી ને તાંત્રીક તેમજ અન્ય બાબતે પણ યોગ્ય જણાયેલ નથી. જેથી, અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, વીજલાઈન ના વૈકલ્પીક રૂટ મુજબ ની માંગણી વાળી અરજી અત્રેના ફોરમ કક્ષાએથી ગ્રાહ્ય રહેલ નથી.

૪.૨ જયારે, અરજદાર શ્રી ને જોડાણ આપવા માટે ની, પીજીવીસીએલ તરફથી હાલ ના તબ્બકાની, અગાઉ ની મંજુરી વાળી વીજલાઈન, કે જેના જે, હાલ ના તબ્બકે ૦૪ થાંભલાઓ ઉભા થયેલ છે, તે મુળ વીજલાઈન, તાંત્રીક તેમજ દરેક દ્રષ્ટીએ યોગ્ય હોવાનો ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. આમ, અરજદાર શ્રી ને આ વીજલાઈન માથી જ વીજપુરવઠો આપી અને અરજદાર શ્રી નુ નવુ ખેતીવાડી વીજજોડાણ ચાલુ કરવાની બાબત ફોરમ કમિટી ને યોગ્ય જણાયેલ છે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..